# ભારતીય સંસદ પર થયેલા આતંકવાદી હુમલાના આરોપી અફઝલ ગુરુને ફાંસી વિશે પ્રતિક્રિયા

**શ્રી અરુણ જેટલી**

ગત 13મી ડિસેમ્બર, 2013ના રોજ ભારતીય સંસદ પર આતંકવાદીઓએ હુમલો કર્યો. સંસદના રક્ષણ અને સાંસદો તેમજ અધિકારીઓને બચાવવા સંસદના સુરક્ષા કર્મચારીઓ અને પોલીસ જવાનોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું. ભારતે એકીઅવાજે સંસદ પરના હુમલાના વિરોધમાં આક્રોશ વ્યક્ત કર્યો. ભારત નરમ દેશ છે એવી છાપ ઊભી નહિ થવા દેવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો અને હુમલાના આરોપીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહીનો નિર્ધાર દર્શાવવામાં આવ્યો. આપણા બહાદુર સુરક્ષા જવાનોએ હુમલાખોરોને ઘટનાસ્થળે જ ખતમ કરી નાખ્યા. અન્ય કાવતરાખોરો વિશે તપાસ થઈ, ખટલો ચાલ્યો અને અમુકને દોષિત પણ ઠરાવવામાં આવ્યા. પરંતુ સુરક્ષા જવાનોએ સમયસર હસ્તક્ષેપ કર્યો હોત તો કોઈ આતંકવાદી સંસદની ઈમારત સુધી પ્રવેશ કરી શક્યા ન હોત. ભારતીય નેતાગીરીના મોટા હિસ્સાને ખતમ કરવાનો હુમલાખોરોનો ગેમપ્લાન નાકામિયાબ બની જાત.

આપણે ભારતમાં અનેક આતંકવાદી હુમલા જોયા. તેમાં મોટાભાગના હુમલાના ષડયંત્ર વિદેશમાં ઘડવામાં આવ્યા હતા. અમુક લક્ષ્ય કાળજીપૂર્વક પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં ભારતીય સંસદ, જમ્મુ અને કાશ્મીર વિધાનસભા અક્ષરધામ મંદિર અને મુંબઈની પસંદગી ખુબ સમજીવિચારીને કરવામાં આવી હતી. આ લક્ષ્ય ભારતની સંસદીય લોકશાહી, સાર્વભૌમત્વ, સાંસ્કૃતિક વારસા અને અર્થતંત્રનું પ્રતિક છે. જેથી ભારતીય જનતાએ તે હુમલાને વખોડી કાઢ્યો.

ભારત કાયદાનું શાસન ધરાવતો સમાજ છે. પોલીસ એજન્સીઓની તપાસ પર અદાલતોનું નિયંત્રણ હોય છે. એક અદાલતમાં લાંબી સુનાવણી બાદ વડી અદાલતમાં અને છેવટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવે છે. જેથી અદાલતોને પુરાવાની કાળજીપૂર્વક તપાસ કરવાનો પૂરતો સમય મળી રહે છે. અફઝલ ગુરુના કેસમાં તમામ અદાલતોએ તેને દોષિત ઠરાવ્યો હતો અને ફાંસીની સજા માન્ય ઠરાવી હતી. રાષ્ટ્રપતિએ પણ તેની દયાની અરજી નામંજૂર કરી હતી. આમછતાં તેને ફાંસી આપવામાં વિલંબ કેમ થઈ રહ્યો તે બાબતે સરકાર કંઈપણ કહી શકતી ન હતી. પરંતુ છેવટે કાયદાએ કાયદાનું કામ કર્યું. ભભૂકતા જનઆક્રોશ સામે ઝુકીને સરકારે તેને ફાંસી આપવી જ પડી. 13 ડિસેમ્બર, 2001ની જેમ ભારતે હંમેશા સંયુક્તપણે અવાજ ઊઠાવવો જોઈએ અને દુનિયાને સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ કે ભારત નરમ દેશ નથી. ભારતના સાર્વભૌમ અને સંસ્થાઓ પર જે કોઈ હુમલો કરશે તેને જડબાતોડ જવાબ આપવામાં આવશે. મોડે મોડે પણ ન્યાય તો થયો.